ઔદ્યોગિક નીતિ–૨૦૨૦ હેઠળ **MSME** એકમોની કલેઇમ અરજીઓ

* ૧૫/૩/૨૮૯ : શ્રી ધર્મેન્દ્રસિંહ વાઘેલા (વાઘોડિયા): માનનીય ઉદ્યોગ મંત્રીશ્રી જણાવવા કૃપા કરશે કે:–

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| (૧) તા. ૩૧/૦૭/૨૦૨૩ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ઔદ્યોગિક નિતી – ૨૦૨૦ અંતર્ગત વ્યાજ સહાય યોજના હેઠળ વાઘોડિયા અને વડોદરા તાલુકામાં માઈક્રો, સ્મોલ એન્ડ મીડિયમ એન્ટરપાઈઝીસ (**MSME**) એકમોની કેટલી કલેઈમ અરજીઓ મંજુર કરવામાં આવી, અને | (૧) તા.૦૧/૦૭/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીનાં સમયગાળા દરમિયાન વાઘોડિયા તાલુકાના ૨૬ એકમોને તથા વડોદરા તાલુકાના ૧૮૮ એકમોને એમ કરીને કુલ ૨૧૪ એકમોની કલેઇમ અરજીઓ મંજુર કરવામાં આવી. |
| (૨) ઉકત સ્થિતિએ કુલ કેટલા એકમોને કુલ કેટલી સહાય ચૂકવવામાં આવી**?** | (૨) તા.૦૧/૦૭/૨૦૨૧ થી તા.૩૧/૦૭/૨૦૨૩ સુધીનાં સમયગાળા દરમિયાન વાઘોડિયા તાલુકાના ૨૫ એકમોને રૂ.૫૬.૫૮ લાખ તથા વડોદરા તાલુકાના ૧૭૬ એકમોને રૂ. ૩૯૯.૨૮ લાખ એમ કરીને કુલ ૨૦૧ એકમોને કુલ રૂ.૪૫૫.૮૬ લાખની સહાય ચૂકવવામાં આવી. |

---------------